સંયુક્ત રાષ્ટ્રો



સુરક્ષા પરિષદ

ઠરાવ ૧૮૨૦



સ્વીકાર્યો જુન, ૨૦૦૮

**UN Security Council Resolution 1820 (S/RES 1820)**

**Passed June, 2008**

**India Section**

**Translated in Gujarati**



**Dr. Ila Pathak, M.A., LL.B., Ph.D.**

**President, India Section**

**Women's International League for Peace and Freedom - WILPF**

**Translation vetted by**



**Prof. H.C. Dholakia**

**Retd. Professor, M.A., LL.M., Ph.D.**

**Member, Law Commission, India - 1987-1989**

**Member, Gujarat Law Commissioner - 1998-2004**

## સંયુકત રાષ્ટ્રો (યુએન) સુરક્ષા સમિતિ ઠરાવ નં. ૧૮૨૦

કયારેક પધ્ધતિસર લશ્કરી કે રાજકીય હેતુ સર કરવા માટે કે તકસાધુ બિન્ધાસ્તપણાના સંસ્કારમાંથી ઉદ્ભવવાને લીધે થતા સંઘર્ષ દરમિયાન બહોળા પ્રમાણમાં પ્રસરતી જાતીય હિંસાના મુદ્દાને ધ્યાને લઇ સંયુકત રાષ્ટ્રો (યુએન)ની સુરક્ષા સમિતિ દ્વારા ઠરાવ નં.૧૮૨૦ સ્વીકારાયો.જાતીય હિંસાનાં કૃત્યો સશસ્ત્ર સંઘર્ષની પરિસ્થિતિઓને વણસાવી શકે અને શાંતિ તેમજ સલામતીના પુ:નસ્થાપનને અવરોધી શકે તેથી તેને માટે સલામતીનો પ્રતિભાવ જરૂરી છે તેમ સમજીને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી માટે ઠરાવ નં.૧૮૨૦ જાતીય હિંસાને અગત્યના મુદ્દા તરીકે સ્થાપે છે.

**જાતીય હિંસા વિરુધ્ધ સ્ત્રીઓને મળતું રક્ષણ બળવત્તર બનાવવા ઉમેરીએ:**

- એકાએક જાતીય હિંસાની ધમકી જેની પર ઝળુંબતી જણાય તે સ્ત્રીઓ અને કિશોરીઓને સ્થળાંતર કરાવીને તેમને રક્ષણ આપવું,જાતીય હિંસાનો સ્પષ્ટ નિષેધ કરતી તાલીમ સેનાને આપવી, અને લશ્કરી શિસ્ત તેમજ ન્યાયનું પાલન કરાવવું;
- સંયુકત રાષ્ટ્રો (યુએન) દ્વારા સંચાલિત છાવણીઓ અને વિખેરવાની છાવણીઓમાં અને તેની આસપાસ શરણાર્થીઓને રક્ષવા શાંતિલક્ષી લશ્કરી હિલચાલના આયોજકોએ અસરકારક માળખાં આયોજિત કરવા અને અમલી બનાવવા તેવું નિશ્ચિત કરાવવું;
- સશસ્ત્ર સંઘર્ષમાં ભાગ લેનારા જાતીય હિંસા આચરનારા ગુનેગાર બને ત્યારે તેની વિરુધ્ધ દેશ-વિશેષ માટે સુરક્ષા સમિતિએ પગલાં લેવા ઠરાવ પસાર કરવો;
- નિ:શસ્ત્ર કરાતી ટુકડીઓની જાતીય હિંસામાં સામેલ થઇ હોય તેવી વ્યકિતઓને સંઘર્ષ પછીના સલામતી વિભાગમાં સમાવવામાંથી બાકાત રાખવી;

**સશસ્ત્ર સંઘર્ષની સાથે સંકળાયેલી જાતીય હિંસાનો અંત લાવવા કરાતા સમર્થનને બળવત્તર બનાવવા ઉમેરીએ:**

- દેશના સ્તરે જાતીય હિંસા વકરાવે તેવી અફવાઓને ખુલ્લી પાડી દેવી;
- જાતીય હિંસા રોકવા અને પ્રતિભાવ મેળવવાની પ્રક્રિયાને બળવત્તર બનાવવા સર્વ સંયુકત રાષ્ટ્રોએ માનવતાવાદી અને શાતિલક્ષી કાર્યવાહી માટે નીમેલા અધિકારીઓને માટે સમગ્ર રચનાગત તાલીમી કાર્યક્રમો વિકસાવવા.

**જાતીય હિંસાના ભોગ બનેલાને આધાર આપવામાં ઉમેરીએઃ**

- સેવાઓ અને રાષ્ટ્રીય ક્ષમતાઓ, જેવી કે પાયાની આરોગ્ય સેવાઓ, માતૃસંભાળ અને માનસિકસામાજિક સલાહપ્રક્રિયાને વિકસાવવી અને બળવત્તર બનાવવી.

**નુકસાનની ભીતિ વિના થતા વર્તનનો વિરોધ અને જવાબદારીને બળવત્તર બનાવતાં ઉમેરીને નિશ્ચિત કરીએઃ**

- સંક્રમણકાળના ન્યાયના માળખાંમાં બિન્ધાસ્તપણું અસ્વીકાર્ય બને અને જાતીય હિંસા વિરુધ્ધ જવાબ માગવાની તેમજ ફરિયાદ કરવાની સુયોગ્ય રચના વિકસાવે;
- સાર્વત્રિક માફીની જોગવાઇઓ અને શાંતિની પ્રક્રિયાઓમાંથી જાતીય હિંસાને બાકાત રખાવીએ;
- દોષિતો વિરુધ્ધ ફરિયાદ કરવા માટે આરોગ્ય અને ન્યાયિક માહિતી તેમજ પુરાવા ભેગા કરવા માટે ક્ષમતા વધારવા જેવી ક્ષમતા સહિત રાષ્ટ્રીય ક્ષમતાઓ અને સંસ્થાઓ મજબૂત બનાવવી;

**સ્થાનિક સ્તરે સ્ત્રીઓની સામેલગીરી બળવત્તર બનાવવાઃ**

- સંયુક્ત રાષ્ટ્રો અને પ્રાદેશિક, રાજ્ય અને નાગરિક સમાજના કાર્યકર વચ્ચે સ્ત્રીઓની અને સ્ત્રી સંગઠનોની શાંતિ પ્રક્રિયાઓ અને શાસનમાં ભૂમિકા અને પ્રદાન વિશે સંવાદ વધારવો;
- સંઘર્ષ અટકાવવા સંબંધી, સંઘર્ષ નિવારણ, સંઘર્ષ પછી શાંતિસ્થાપના અને શાસન સંબંધી ચર્ચા કરવામાં સ્ત્રીઓને સામેલ કરવા સવિશેષ દૂતોને પ્રોત્સાહિત કરવા;
- જાતીય હિંસાનો અંત લાવવાનું અને ભોગ બનેલાને આધાર આપવાનું સમર્થન કરતા નાગરિક સમાજના જૂથોના સંગઠનને અધિકાર આપવો.

**શાંતિને લગતી કાર્યવાહીઓમાં સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ વધારવું અને સ્ત્રીલક્ષી દૃષ્ટિબિંદુ સમાવવામાં ઉમેરીએઃ**

- સર્વ સ્તરે, દરેક કાર્યવાહીમાં વધુ સ્ત્રી શાંતિરક્ષકો, પોલીસ અધિકારીઓ અને નાગરિક વ્યકિતઓ નીમવી;
- શાંતિલક્ષી કાર્યવાહી કરનાર દળ માટે નિમણૂકો કરતાં પહેલાં અને કાર્યવાહી દરમ્યાન જાગૃતિ તાલીમ આપવા સહિતની (હિંસા) રોકવાની સુયોગ્ય પ્રક્રિયા કરવી;
- સંઘર્ષ દરમ્યાન અને ત્યાર પછી નાગરિકોને જાતીય હિંસામાંથી રક્ષણ આપવા માટે શાંતિ કાર્યવાહીના નીમેલા અધિકારીઓની પ્રતિભાવક્ષમતા બળવત્તર બનાવવી;
- સંયુકત રાષ્ટ્રો (યુએન)ની શાંતિલક્ષી કાર્યવાહીઓમાં જાતીય શોષણ અને દુરાચાર સદંતર નાબુદ થાય તેની નીતિઓ અમલી કરવી અને તેનું પાલન કરાવવું.